**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૧ ટકા

# સરગાસણમાં ટીપાં પીવડાવવાના નામે રજીસ્ટ્રેશન ચાર્જ લેતી ઠગ ટોળકી

## જાગૃત નાગરિકના પ્રયાસથી ઠગ ટોળકી પોલીસના હવાલે





ગાંધીનગર, તા.૧૦

ન્યુ સરગાસણ વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં અમદાવાદની એનજીઓનું નામ લઈ ઠગ સભ્યો ટીપા પીવડાવવા અને રજીસ્ટ્રેશન માટે ફરી રહ્યા હતા. જયારે તેઓ ટીપા પીવડાવવા માટે રજીસ્ટ્રેશનના રૂ.૨૦ ચાર્જ તરીકે લેતા હતા અને સાંજે ડોકટર આવીને ટીપા પીવડાવશે. ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા એનજીઓને કામ સોંપ્યું છે તેમ કહીને સરગાસણ વિસ્તારમાં ફરી રહીને ઠગ ટોળકી રૂપીયા ઉઘરાવતી હતી. આ ટોળકીના સભ્યો પાસે અમદાવાદના ખાનગી ડોકટરના ફીલ્ડ વર્કર તરીકેના કાર્ડ અને પેમ્ફલેટ પણ હતા. ત્યારે આ ઠગ સભ્યોને જાગૃત નાગરીકોએ પોલીસને હવાલે કર્યા હતા.

મળતી વિગત મુજબ સરગાસણ વિસ્તારમાં આવેલી વિવિધ સોસાયટીમાં હીપેટાઈટીસ બી અને ટાઈફોઈડની મોબાઈલ રસીકરણ ઝુંબેશ અંતર્ગત ટીપા પીવડાવવા રજીસ્ટ્રેશન ફી પેટે રૂ.૨૦ ઉઘવારી રહ્યા હતા. જયારે અમદાવાદની એનજીઓ દ્વારા આ કામગીરી કરી રહ્યા હોવાનું નાગરીકોને જણાવતા હતા. ત્યારે ફરી રહેલા ઠગ ટોળકીના સભ્યો પર જાગૃત નાગરીકની નજર પડતા તેણે તાત્કાલીક એમના કેટલોગ અને ગેટ એન્ટ્રી પર લખેલા ફોન નંબર પર કોલ કરતા તો ખોટો હતો. ત્યારબાદ સ્થાનિક નાગરીકોએ તાત્કાલીક ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કર્યો હતો અને ત્યાં પુછપરછ કરતા આ પ્રકારની કોઈ કામગીરી તંત્ર દ્વારા કોઈ એનજીઓને સોંપવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું હતું. જેથી સ્થાનિક નાગરીકોએ એકઠા થઈને તેઓને પકડીને પોલીસે બોલાવી તેઓને હવાલે કર્યા હતા. પરંતુ સરગાસણ વિસ્તારમાં આ ચર્ચા ચોતરફ ચાલી રહી હતી. સોસાયટીમાં આ પ્રકારના વ્યકિતઓથી દુર રહેવું અને પ્રવેશ ન આપવો, આવા તત્વોને પગલે નાગરીકોની સલામતી જોખમાય છે જેથી ચકાસણી કર્યા બાદ જ અજાણ્યા નાગરીકોને પ્રવેશ આપવો તેવા સિક્યોરીટીને આદેશ અપાયા છે.

# બોરીજ કટ પાસે ફોર્ચ્યુનરના ચાલકે બે વ્યકિતને ટકકર મારી

ગાંધીનગર, તા.૧૦

શહેરના અક્ષરધામ મંદિર નજીક બોરીજ કટ પાસે રાત્રીના સમયે ફોર્ચ્યુનરે બે વ્યકિતઓને કાર સહિત અડફેટે લીધા હતા.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બોરીજ ગામમાં રહેતા દિનેશ બળદેવજી ઠાકોર નવા સચિવાલય ખાતે ઉદ્યોગ અને ખાણ વિભાગમાં કરાર આધારીત કલાર્ક તરીકે ફરજ બજાવે છે. શુક્રવારના રોજ રાત્રીના સાડાઆઠ વાગ્યાના અરસામાં દિનેશભાઈ પર તેમના મિત્ર અને અગાઉ સાહેબ રહી ચુકેલા પ્રદિપભાઈ ધનેશ્વર પંડયા (સેકટર-૩)નો ફોન આવ્યો હતો. જેથી ગાંધીનગર શહેરના જ માર્ગ પર બોરીજ કટ પાસે રાત્રીના સાડા આઠ વાગ્યયાના અરસામાં રોડની સાઈડમાં ગાડી ઉભી રાખીને દિનેશભાઈ અને પ્રદિપભાઈ વાત કરી રહ્યા હતા. તે સમયે સે-૩૦ સર્કલ થી આવી રહેલી કાળા કલરની ફોર્ચ્યુનર કારનં. જી.જે.૩૧.એ.-૮૩૨૧ના ચાલકે બમ્પ પાસે ગાડી ધીમી કરી ડાબી બાજુથી ઓવરટેક કરવા જતા સ્પીડ વધારી હતી. જેમાં દિનેશભાઈ ગાડી જોઈ જતા મિત્રને બચાવવા માટે ખેંચ્યો હતો. પરંતુ ગણતરીની મિનીટોમાં ફોર્ચ્યુનર કારે બે મિત્રો અને કારને ટક્કર મારી હતી. ફોર્ચ્યુનરની ટક્કર ઈજા પામેલા પ્રદિપભાઈને કાર ચાલક જ સારવાર માટે લઈ ગયો હતો.જયાંથી તેઓને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. ઈજાગ્રસ્તને માથામાં હેમરેજ અને મણકામાં ક્રેક હોવાથી આઈસીયુમાં સારવાર હેઠળ છે. જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે દિનેશભાઈ ઠાકોરે ગાડીના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# સે-૧૬ ખાતે બે સાયકલ વેચવા માટે ફરતા શખ્સો ઝડપાયા

## બંન્ને પાસેથી કુલ ૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરતી એલસીબી પોલીસ


ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૧૬ પોસ્ટ ઓફિસ નજીક થી ચોરી અથવા છળકપટથી મેળવેલી બે સાયકલ વેચાણ માટે ફરતા બે શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે બંન્ને શખ્સો પાસેથી સાયકલો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ સહિત કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ સરદારસિંહને બાતમી મળી હતી કે સેકટર-૧૬ પોસ્ટ ઓફિસ નજીક બે શખ્સો પોતાની પાસે રહેલી સાયકલ વેચાણ માટે ફરે છે. જેથી પોલીસે બે શખ્સોને સાયકલ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે યુવકોને નામ પુછતા રવિ પંકજભાઈ પટેલ (રહે. પાટનગર યોજના ભવન પાછળ ઝાડીમાં છાપરામાં મુળ રહે. મોટેરા ગામ અમદાવાદ) અને વિજય રીતેશભાઈ સોલંકી (રહે. કાપોતરા બ્રિજની નીચે છાપરામાં સુરત) હોવાનું સામે આવ્યું હતું. પોલીસો યુવકો પાસેથી સાયકલના આધાર-પુરાવા માગતા તેઓ રજુ કરી શકયા ન હતા.

પોલીસો ઉંડાણપૂર્વક પુછપરછ કરતા બે શખ્સો પૈકી રવિ પંકજભાઈ પટેલે આ સાયકલો તેના મામાના દિકરા ચેતન કાળુભાઈ બાવરી (રહે.કુબેરનગર) એ આપેલી હોવાનું જણાવ્યું હતું. પોલીસે બે સાયકલ અને મોબાઈલ મળી કુલ રૂ.૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસને અનુલક્ષીને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. ચિંતન સોલંકી, અનિલ કક્કડ તથા જયરામભાઈ સોની દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કોવિડ-૧૯ મહામારી દરમિયાન માનસિક સ્વસ્થતા જાળવવા સાથે માનસિક વિકલાંગતાને લગતા કાયદા વિશે જાણકારી આપવામાં આવી હતી.

# ઈસનપુર મોટા ગામથી વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને ચિલોડા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે આ શખ્સો પાસેથી રૂ.૧ હજારના બે મોબાઈલ ફોન અને રોકડ રૂ.૧૫,૩૫૦ મળી કુલ રૂ. ૧૬,૩૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીગમાં હતા તે સમયે પોલીસના ખાનગી રાહે બાતમી મળી હતી કે મોટા ઈસનપુર રાવળ વાસ ખાતે રહેતા અરજણભાઈ ઉર્ફે અજયભાઈ મનુભાઈ રાવળ ગામની ભાગોળ પાસે બેસીને વરલી મટકાનો જુગાર રમાડતો મળી આવ્યો હતો. જયારે પોલીસને જોઈને ભાગવા જતા શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો. જેનુ નામ પુછતા તેણે રમેશ પુંજાભાઈ રાવળ (રહે. રાવળવાસ ઈસનપુર મોટા)ને પકડી પાડ્યો હતો. પોલીસે બંન્ને સામે જુગારધારાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જરૂરીયાતમંદોને આર્થિક રોજગારી-ઉત્કર્ષ સંદર્ભે રોટરી કલબ ઓફ કેપીટલનો પરિસંવાદ






ગાંધીનગર, તા.૧૦

રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા જરૂરીયાતમંદોને આર્થિક રોજગારી અને તેમનો ઉત્કર્ષ તેમજ રોટરી ફાઉન્ડેશન વિષયક એક પરિસંવાદ રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગરના ચાર્ટર પ્રેસીડન્ટ જગતભાઈ કારાણીના યજમાન પદે યોજવામાં આવ્યો હતો.

કલબના પાસ્ટ પ્રેસીડન્ટ અરવિંદભાઈ રાણા એ સામાજિક ઉત્થાન અંગે તેમજ મુખ્ય વકતા પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લલિતભાઈ શર્માએ જરૂરીયાતમંદોને આર્થિક રોજગારી તેમજ ઉત્થાન વિષયક વિસ્તૃત માહિતી સભર વકતવ્ય આપ્યુ હતુ. સંસ્થાના સચિવ દ્વારા જરૂરીયાત બહેનો માટે સિવણ વર્ગનો પ્રસ્તાવ મૂક્યો હતો અને તેને અનુમોદન આપતાં ડી.પી.જી. લલિતભાઈ શર્માએ દસ સિવણ મશીન દાન આપવાની જાહેરાત કરી સિવણ વર્ગ પ્રારંભ કરવાની જાહેરાત કરી હતી જેને સહુએ સહર્ષ સ્વીકારી લીધી હતી.૨

પરિસંવાદની શરૂઆતમાં પ્રાર્થના ગીત બાદ કલબના પ્રમુખ ઈલાબહેન વોરાએ ઉપસ્થિત શાબ્દિક સ્વાગત કર્યુ હતું. પાસ્ટ પ્રેસીડન્ટ યશવંત જોષી દ્વારા ફોર-વે- ટેસ્ટનું વાંચન કરવામાં આવ્યું હતું. પાસ્ટ પ્રેસીડન્ટ અમીબહેન શાહ દ્વારા મુખ્ય વકતાનો પરિચય આપવામાં આવ્યો હતો. ઈલાબહેન વોરા દ્વારા મુખ્ય વકતા તેમજ ઉપસ્થિત પત્રકારોનું સ્મૃતિ ચિન્હથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપને સચિવ હસમુખ મેકવાને ઉપસ્થિત આભાર દર્શન વ્યક્ત કર્યુ હતું. સ્નેહ ભોજન સાથે પરિસંવાદનુ સમાપન થયું હતું.




કાંતિભાઈ યોગીની વ્યાસપીઠે સદરધામ દાદાના દરબારમાં ગુરૂવારના રોજ સ્વ. શિવાભારતી બાપુને શ્રદ્ધાંજલિ આપવા અર્થે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

# સમસ્ત સોની સમાજનો આગામી જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૦

લાયન્સ કલબ ઓફ અમદાવાદ સેટેલાઈટ અને સપ્તપદી ટ્રસ્ટ દ્વારા સંયુકત રીતે સમસ્ત સોની સમાજના ગ્રેજયુએટ કે તેથી વધુ અભ્યાસ ધરાવતા લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે તા. ૧ નવેમ્બરના રોજ ઓનલાઈન જીવનસાથી પસંદગી સંમેલન સવારે ૧૦ વાગ્યે ઝૂમ એપ્લીકેશનના માધ્યમથી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તપદી એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ મોદી દ્વારા આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોને પોતાનો બાયોડેટા એન ફોટો ઈમેલ **mdmodi09@yahoo.com** અથવા ૯૧૭૩૧૮૫૧૦૯ નંબર ઉપર વોટસએપ કરવા ઉપરાંત અમદાવાદમાં ઈન્કમટેક્ષ આશ્રમ રોડ સ્થિત સંસ્થાના કાર્યાલય ૫૫, ગ્રાઉન્ડ ફલોર, અજન્ટા કોમર્શિયલ સેન્ટર ખાતે તા. ૨૫ ઓકટોબર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.



લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફોર્ટના પ્રથમ ફૂડ ફોટ હંગરના કાર્યક્રમ અંતર્ગત સિવિલ હોસ્પિટલ સ્વજન ગૃહ દ્વારા સે. ૬ ખાતે જરૂરિયાતમંદોને ગરમ ખીચડી તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમિતાભ બચ્ચન મારા ઘરે આવ્યા છે તેવા સપના મને ઘણીવાર આવે છે

## ગાંધીનગરના અમિતાભ બચ્ચન એક્સટેન્ડેડ ફેમિલીના પ્રશંસકોએ કેક કાપી પોતાના પ્રિય અભિનેતાના ૭૮મા જન્મદિવસની આગોતરી ઉજવણી કરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં મિલેનિયમ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના ખૂબ જ દીવાના તેમના અત્યંત પ્રિય અભિનેતાના ૭૮મા જન્મદિવસની કેક કાપીને આગોતરી ઉજવણી કરી હતી. અમિતાભ બચ્ચન એક્સટેન્ડેડ ફેમિલી તરીકે ઓળખાતા ગ્રુપના આ સભ્યોએ આજે સવારે સેક્ટર-૧ના તળાવ કાંઠે યોજેલ કાર્યક્રમમાં માહિતી ખાતાના અધિકારી હિરેનભાઈ ભટ્ટે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી કેક કટિંગ કર્યુંહતું. આ પછી અમિતાભના પ્રશંસકોએ શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને માસ્ક તથા બિસ્કીટનું વિતરણ કર્યું હતું.

અમિતાભ બચ્ચન એક એવું નામ છે જે છેલ્લા પચાસ વર્ષોથી ભારતીય ફિલ્મ પ્રશંસકોના દિલ દિમાગ પર છવાયેલું છે. શહેરમાં આમ તો લારી-ગલ્લાવાળાથી માંડીને મોટા ઉદ્યોગપતિઓ, પટાવાળાથી માંડીને સનદી અધિકારીઓ, ગરીબથી માંડીને તવંગર તેમજ બાળકોથી માંડીને વડીલો સહિત મોટી સંખ્યામાં નાગરિકો શહેનશાહ અમિતાભ બચ્ચનના પ્રશંસકો છે પરંતુ કેટલાક ફેન્સ તેમના અત્યંત દિવાના છે અને તેઓ આ પીઢ અભિનેતાની નાની મોટી એક એક બાબતને ખૂબ જ ગંભીરતાથી લે છે. આ પ્રશંસકો માટે તો અમિતાભ બચ્ચનનો જન્મદિવસ એટલે તા. ૧૧મી ઓક્ટોબર તો જાણે એક ઉત્સવ હોય તેટલું તેનું મહત્વ હોય છે. અમિતાભ બચ્ચન એક્સટેન્ડેડ ફેમિલીના સભ્યોએ યોજેલ ઉજવણીના કાર્યક્રમમાં હિરેનભાઈ ભટ્ટે કેક કટિંગ બાદ કબૂલ કર્યુ હતુ કે પોતે અમિતાભના બહુ મોટા પ્રશંસક છે અને ઘણીવાર અમિતાભ બચ્ચન તેમના ઘરે આવ્યા હોય તેવા સપના તેમને આવે છે. હિરેનભાઇ ભટ્ટે આ પ્રસંગે તેઓ અત્યાર સુધીમાં જીવનમાં પાંચ વખત અમિતાભ બચ્ચનને રૂબરૂ મળ્યા છે તેની યાદો પણ વાગોળી હતી. આ કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના જાણીતા અમિતાભ ફેન્સ એડવોકેટ દિલીપસિંહ બિહોલા, જયેશ બ્રહ્મભટ્ટ, જયંતિભાઈ પંડ્યા 'શહેનશાહ' તથા રૂદ્રસિંહ બિહોલાએ કર્યું હતું. કેક કટિંગના કાર્યક્રમ બાદ આ તમામ ફેન્સે ગાંધીનગરના સેકટર-૧૧ ખાતેની ઝુંપડપટ્ટીમાં જઈને તેમના પ્રિય અભિનેતાના જન્મદિવસ નિમિત્તે જરૂરિયાતમંદ વર્ગના બાળકોને માસ્ક તથા બિસ્કીટનું વિતરણ કર્યું હતું.



### આજે લાઇવ ઓનલાઇન શુભેચ્છા આપવા દેશભરમાંથી પસંદ કરાયેલા ૮૦ પ્રશંસકોમાં ગાંધીનગરના બે પ્રશંસકો

અત્રે ઉલ્લેખનીય છે કે દેશવ્યાપી સંગઠન અમિતાભ બચ્ચન એક્સટેન્ડેડ ફેમિલી અંતર્ગત દીલીપસિંહ બિહોલા અને જયેશ બ્રહ્મભટ્ટ દર વર્ષે અમિતાભ બચ્ચનના જન્મદિવસે તેમના બંગલે રૂબરૂ જઇને મળે છે અને શુભેચ્છા પાઠવે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીને કારણે આ ઉજવણી મોકૂફ રખાઈ છે. જોકે આ વર્ષે અમિતાભ બચ્ચન દ્વારા તેમના આ પ્રશંસકોને એડવાન્સમાં પોતાની તસવીરવાળી ટીશર્ટ, બેઝ તથા કિચેઇન્સ મોકલી આપી છે જે ટીશર્ટ જ પહેરીને પ્રશંસકોએ તેની ઉજવણી કરી હતી. આવતીકાલે તેઓ અમિતાભ બચ્ચનને ઝૂમ મીટીંગ દ્વારા જન્મદિવસની ઓનલાઇન શુભેચ્છા પાઠવશે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ ઝૂમ મીટીંગ માટે દેશભરમાંથી માત્ર ૮૦ પર પ્રશંસકોની પસંદગી કરવામાં આવી છે જેમાં ગાંધીનગરના દિલીપસિંહ બિહોલા અને જયેશ બ્રહ્મભટ્ટ બંને પસંદગી પામ્યા છે.

